Manav Mandir ni Seva
Amba Health Centre & Hospital

# સ્તનનું કેન્સર




સ્તનનું કેન્સર, એ સ્ત્રીઓમાં (અને ક્યારેક પુરુષોમાં) જોવા મળતો કોમન કેન્સર છે. આ કેન્સર સ્તનમાં દૂધ બનાવતા કોષો અથવા નળીઓમાંથી ઉત્પન્ન થાય છે. વહેલા નિદાન અને સારવાર તેમજ કેન્સરથી થતી મૃત્યુને ઘટાડવા માટે આ કેન્સરને સમજવું ખુબ જરૂરી છે.

# ભારતમાં સ્તનનો કેન્સર

ભારતીય સ્ત્રીઓમાં સ્તનનું કેન્સર એ સૌથી કોમન કેન્સર છે. આશરે દર ૨૮ માંથી ૧ સ્ત્રીને એમના જીવન દરમ્યાન સ્તનનો કેન્સર થાય છે.




## રિસ્ક ફેક્ટર



### જાતિ

સ્ત્રીઓમાં આ કેન્સર વધારે થાય છે.





### ઉંમર

વધતી ઉંમર સાથે આ કેન્સર થવાની શક્યતા વધે છે.



### પરિવારમાં કોઈને કેન્સર

પરિવારમાં કોઈને સ્તનનું કેન્સર હોય, તો આ કેન્સર થવાની શક્યતા વધે છે.



### જીનેટિક્સ

BRCA1 અને BRCA2 જીન્સમાં ફેરફાર થવાથી સ્તનનું કેન્સર થવાની શક્યતા વધી જાય છે



### હોર્મોન રીપ્લેસમેન્ટ થેરાપી


Lલાંબા સમય સુધી ગર્ભ નિરોધક દવાઓ લેવાથી સ્તન કેન્સરની શક્યતા વધે છે


# લક્ષણો



સ્તન કે બગલના ભાગમાં ગાંઠ


સ્તનના આકાર કે સાઈઝમાં ફેરફાર






સ્તનમાં દુખાવો, જો કે ઘણા ખરા દર્દીઓમાં આ ગાંઠોમાં દુખાવો હોતો નથી


સ્તનની ચામડીમાં ફેરફાર





નિપ્પલમાંથી પ્રવાહી નીકળવું

સ્તનની ચામડીમાં ખાડો પડવો કે લાલાશ થવી




# વહેલું નિદાન



Consultation with a Doctor



Ultrasonic research



Mammography, MRI


સ્તનના કેન્સરનું નિદાન વહેલું થતા દર્દીનો જીવ બચાવી શકાય છે. આ માટે નિયમિત જાતે સ્તન પરીક્ષણ કરવું, કોઈ શંકાસ્પદ ગાંઠ જણાતા ડોક્ટરને બતાવવું, સ્તનની સોનોગ્રાફી અને મેમોગ્રાફી કરાવવી એ જરૂરી છે. તમે તમારા ડોક્ટર સાથે નિદાનના આ વિકલ્પો વિષે વાત કરી શકો છો.

# સારવારના વિકલ્પો

સ્તન કેન્સરના પ્રકાર અને સ્ટેજ, દર્દીની તંદુરસ્તી અને અમુક બાયોમાર્કરના આધાર પર સારવારના વિકલ્પો નિશ્ચિત થઇ શકે છે. તમારા ડોકટરોની ટીમ, આ પરિબળોના આધારે, તમારા માટે યોગ્ય સારવાર નિશ્ચિત કરશે.
સારવારના વિકલ્પોમાં:

## સર્જરી

સર્જરી એ મોટાભાગે સ્તન કેન્સરની સારવારમાં પહેલું પગથીયું હોય છે. આ સર્જરીમાં ગાંઠ અને અમુક દર્દીઓમાં, લસિકા ગ્રંથિઓ (લીમ્ફ નોડ) ને કાઢવાની હોય છે. સર્જરીના મુખ્ય ૨ પ્રકાર હોય છે:




### લંપેકટોમી (સ્તનનું સંરક્ષણ કરી સર્જરી)

આ સર્જરીમાં ફક્ત ગાંઠ અને એની આજુ બાજુના સ્તનના અમુક ભાગને કાઢવામાં આવે છે. આવા પ્રકારની સર્જરી, શરૂઆતના સ્ટેજના કેન્સરમાં કરવામાં આવે છે.


### માસ્ટેકટોમી

આ સર્જરીમાં આખા સ્તનને કાઢવામાં આવે છે.
માસ્ટેકટોમીના પ્રકારમાં

- સિમ્પલ માસ્ટેકટોમી – ફક્ત સ્તન કાઢવું
- મોડિફાઇડ રેડાઈકલ માસ્ટેકટોમી – સ્તન સાથે અમુક લસિકા ગ્રંથિઓ કાઢવી
- રેડાઈકલ માસ્ટેકટોમી – સ્તન, લસિકા ગ્રંથિઓ અને છાતીના સ્નાયુઓ કાઢી નાખવા

## રેડીયેશન થેરેપી

આ પદ્ધતિમાં અમુક પ્રકારના ક્ષ–કિરણો કે બીજા રેડીયેશનનો ઉપયોગ કરી કેન્સરના કોષોને બાળી નાખવામાં આવે છે. આ પદ્ધતિનો ઉપયોગ, લંપેકટોમી સર્જરી પછી કેન્સર ફરી ન થાય એ માટે મુખ્યત્વે કરવામાં આવે છે.



# સારવારના વિકલ્પો

## કેમોથેરેપી

આ પદ્ધતિમાં કેન્સરના સેલને વધતા અટકાવવા કે ખતમ કરવા અમુક દવાઓનો ઉપયોગ થાય છે, જે દર્દીના નસમાં આપવામાં આવે છે. કેન્સરના સ્ટેજ અને પ્રકાર અનુસાર, આ પદ્ધતિ સર્જરી પહેલા કે પછી વાપરવામાં આવે છે. કેમોથેરેપીનો ઉપયોગ શરીરમાં બધે ફેલાઈ ગયેલા કેન્સરના કોષોને ખતમ કરવા માટે પણ કરવામાં આવે છે.



## હોર્મોન થેરેપી

અમુક સ્તનના કેન્સરમાં હોર્મોન રીસેપ્ટર પોઝીટીવ હોય છે, એટલે કે સ્ત્રીના શરીરમાં રહેલ સ્ત્રાવોની એના પર અસર થતી હોય છે. હોર્મોન થેરેપીમાં આ સ્ત્રાવોની અસર કેન્સરના કોષો પર અટકાવવામાં આવે છે.




## ટાર્ગેટેડ થેરેપી

આ થેરેપીમાં કેન્સરના કોષોને વધવામાં મદદ કરતા અમુક પરમાણું કે એના પ્રોટીન સામે દવાઓ આપી એને વધતા અટકાવવામાં આવે છે.



## પેલીયેટીવ સારવાર

જે દર્દીઓમાં કેન્સર બહુ વધી ગયું હોય કે આખા શરીરમાં ફેલાઈ ગયું હોય, એમનામાં પેલીયેટીવ સારવાર આપવામાં આવે છે. આ પદ્ધતિમાં દર્દીના દુખાવામાં રાહત રહે, એને માનસિક સપોર્ટ મળે અને એના લક્ષણો નિયંત્રિત રહે એ હેતુ ધ્યાનમાં રાખવામાં આવે છે.




# સ્તન કેન્સર સામે લડત અને આધાર

સ્તનના કેન્સર વિષે જાણ થતા દર્દી માનસિક રીતે નબળો પડી જાય એ શક્ય છે. પરિવાર, મિત્રો અને સામાજિક સપોર્ટ ગ્રુપ દ્વારા આવા સમયે આધાર મળતા દર્દીના શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક સ્વાસ્થ્યને હેલ્થી રાખવામાં મદદ મળે છે.



# નિવારણ


સ્વસ્થ જીવનશૈલી દ્વારા સ્તન કેન્સરના રિસ્કને ઘટાડી શકાય છે:



નિયમિત કસરત



સંતુલિત આહાર






દારૂનું સેવન ટાળવું



ધુમ્રપાન નિષેધ



શક્ય હોય તો સ્તનપાન કરાવવું



પરિવારમાં કોઈને સ્તન કેન્સર છે કે નહીં એ જાણી, જો હોય તો વહેલી તકે નિદાનના ટેસ્ટ કરાવવા

